# ત્રિપુરાના સાંસદ સુશ્રી પ્રતિમા ભૌમિકે NFSUની મુલાકાત લીધી




ગાંધીનગર, તા. ૨૮

ત્રિપુરાના માનનીય સાંસદ સુશ્રી પ્રતિમા ભૌમિકે શનિવારે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી(NFSU), ગાંધીનગરની શુભેચ્છા મુલાકાત લીધી. જ્યાં તેઓએ ત્રિપુરા રાજ્યમાં નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના ઓફ-કેમ્પસ સેન્ટરની સ્થાપનાની સંભાવના અને કાર્યપદ્ધતિ અંગે બેઠકમાં વિગતવાર ચર્ચા કરી હતી. વિશ્વની સર્વપ્રથમ અને એકમાત્ર ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના કાર્યોથી સુશ્રી પ્રતિમાજી ખૂબ જ પ્રભાવિત થયા હતા.

સુશ્રી પ્રતિમા ભૌમિકે ત્રિપુરાનાં ગુના, ગુનાઓનાં પ્રકાર, ઉગ્રવાદ સંદર્ભના પડકારો, સીમા પારથી થતી હેરફેર, ડ્રગની હેરાફેરી અંગે પણ ચર્ચા કરી હતી. તેમણે ત્રિપુરા રાજ્યની આંતરિક અને બોર્ડર ક્ષમતાને મજબૂત કરવા ઉપર પણ ભાર મૂક્યો હતો. તેઓએ નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના ઓફ-કેમ્પસ સેન્ટરની સ્થાપના માટે તૈયારી દાખવી હતી.

NFSUના કુલપતિ, ડો. જે. એમ. વ્યાસના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે માહિતી આપતું વિગતવાર પ્રેઝન્ટેશન અને યુનિવર્સિટી દ્વારા થઈ રહેલા આંતરરાષ્ટ્રીય કક્ષાના સંશોધન, પરામર્શ પ્રશિક્ષણ સહિતની માહિતી અપાઈ હતી. આ બેઠકમાં એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર સી. ડી. જાડેજા, કેમ્પસ ડાયરેક્ટર-ગાંધીનગર પ્રો. એસ. ઓ. જુનારે, ડીન, એસો. ડીન્સ સહિત યુનિવર્સિટીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં હાલરડાં વિષય પર રાષ્ટ્રીય વેબિનાર યોજાયો




ગાંધીનગર, તા. ૨૮

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગરના ગુજરાતી વિભાગ અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રના હાલરડાં : સામ્યમૂલક અભ્યાસ' વિષય પર બે દિવાસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન તારીખ ૨૬- ૨૭ નવેમ્બરના રોજ થયું. આ ત્રણેય પ્રદેશો વર્ષો પહેલા સાંસ્કૃતિક એકતા ધરાવતા પ્રદેશો હતા. તેની લોક પરંપરામાં હાલરડાં કેવાં છે અને આજે અંગ્રેજીના અને પશ્ચિમી સંસ્કૃતિના આક્રમણને કારણે લોક સંસ્કૃતિમાંથી, લોકજીવનમાંથી હાલરડાં ભૂલાતા જાય છે ત્યારે આ હાલરડાંને પુનર્જીવિત કરી ગુજરાતી પરિવારોમાં તેને પુનઃ પ્રતિષ્ઠિત કરી શકાય એ આશયથી આ પરિસંવાદ યોજાયો હતો.

આ વેબિનારમાં સાહિત્ય અકાદમીના અધ્યક્ષ, પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા, મહામાત્ર હિંમત ભાલોડિયા, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદ શાહ, કુલસચિવ અશોક પ્રજાપતિ હાજર રહ્યા હતા. ગુજરાતી વિભાગના ડોક્ટર પ્રશાંત પટેલ અને સેમિનાર સંયોજક સંજય પટેલે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ બે દિવસના રાષ્ટ્રીય પરિષદમાં એક હજારથી પણ વધુ રજિસ્ટ્રેશન થયા હતા અને ૧૩૦ જેટલા 'હાલરડાં' વિષય પર પેપર રજૂ થયા હતા, આમ આ પરિસંવાદ ખૂબ જ સફળ રહ્યો હતો.


## ગાંધીનગર મહાનગર પાલિકાના ઉપક્રમે

# ઝેરી અને ચેપી કચરાનું વ્યવસ્થાપન અને સેનેટરી પેડના વિકલ્પો તેમજ વ્યવસ્થાપન વિષય પર વર્ચુઅલ સેમીનાર

ગાંધીનગર, તા. ૨૮

સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૦ અંતર્ગત ગાંધીનગર મહાનગર પાલિકા અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી પ્રેરિત નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના ઉપક્રમે ઝેરી અને ચેપી કચરાનું વ્યવસ્થાપન અને સેનેટરી પેડના વિકલ્પો તેમજ વ્યવસ્થાપન અંગે વર્ચુઅલ જાગૃતિ સેમીનાર યોજાયો.જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ જોડાઈ હતી.

ઝેરી અને ચેપી કચરાનું વ્યવસ્થાપન કેવી રીતે કરવું તેના વિશે ગાંધીનગરના નિવૃત પી.આર.ઓ. નરેશભાઈ ઠાકર ધ્વારા સુંદર માહિતી આપવામાં આવી હતી તેમજ અમદાવાદના એન.એચ.એલ મ્યુનિસિપલ મેડીકલ કોલેજના પ્રોફેસર ડૉ.રાજલબેન થાકેર ધ્વારા મહિલાઓને સેનેટરી પેડના વિકલ્પો તેમજ વ્યવસ્થાપન અંગે પી.પી.ટી ધ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.




આ કાર્યક્રમમાં લાયન્સ ક્લબ ફેમિનામાંથી મમતાબેન, જૈન સોશિયલ ગ્રુપમાંથી જગ્તીબેન, જ્યોતિ મહિલા મંડળમાંથી ચેતનાબેન બુચ, રોટરી કલબમાંથી ડો.વર્ષાબેન પ્રજાપતિ, જી.ઈ.બી. મહિલા મંડળમાંથી ધર્મિસ્થાબેન, રોટરી ક્લબ ઓફ ગાંધીનગરમાંથી ઈલાબેન વોરા, આરાધના બી.એડ.કોલેજના પ્રિન્સીપાલ, જે.એમ. ચૌધરી સ્કુલના રમીલાબેન, આર.જી.ગર્લ્સ સ્કુલના ગીતેશભાઈ પટેલ, કડી કેમ્પસની બી.એડ.કોલેજમાંથી વીણાબેન અને કુસુમબેન, નાથીબા આર્ટસ ૠ કોમર્સ કોલેજ અને વારાહી બી.એડ.કોલેજ વગેરે સંસ્થાઓના પ્રતિનિધિઓ આ વેબીનારમાં જોડાયા હતા. તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના કર્મચારીઓ પણ જોડાયા હતા.

# રિલાયન્સ ફાઉન્ડેશન અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગણપત યુનિવર્સિટી, મહેસાણાના દ્વારા ખેડૂતોને ઘઉંની આદર્શ પાક પદ્ધતિ સમજાવી તેમના મુઝવતા પ્રશ્નોનું નિરાકરણ કર્યું

ગાંધીનગર, તા. ૨૮

કોવિડની વિકટ પરિસ્થિતિમાં ખેડૂતોને ઘેર બેઠા બેઠા ઘઉંની વૈજ્ઞાનિક ઢબે ખેતી પદ્ધતિ અને તેમને મુઝવતા પ્રશ્નોનું માર્ગદર્શન મળી રહે તે માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગણપત યુનિવર્સિટી, મહેસાણા અને રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા મોબાઈલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. રમેશ પટેલ અને વિષય નિષ્ણાત, ભરતભાઈ પટેલે ખેડૂતોને ઘઉંની પાક પદ્ધતિ અને તેમને મુજવતા બિયારણની પસંદગી, ખાતર, નીંદણ અને પિયત વ્યવસ્થાપન, ઉધઈનું સંકલિત વ્યવસ્થાપન, અન્ય જીવાતો અને રોગનું વ્યવસ્થાપન અને ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નો, બજારભાવ, હવામાન વગેરેની વિગતો જાણવા રિલાયન્સ ફાઉન્ડેશનનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૪૧૯ ૮૮૦૦ ઉપયોગ કરવા જણાવ્યું હતું. તદ્દુપરાંત





જેવા પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું. આ કોન્ફરન્સમાં વિસનગર અને વિજાપુર તાલુકાના ખેડૂતોએ જોડાયા હતા. આ કોન્ફરન્સનું સંપૂર્ણ આયોજન રિલાયન્સ ફાઉન્ડેશનના ભાવેશભાઈ પટેલે કરી તેમની સંસ્થાની વિસ્તૃત પ્રવૃતિની જાણકારી આપી હતી કેવીકેના ડો. રમેશ પટેલે જણાવ્યું હતું કે જીલ્લાના ખેડૂતો માટે ઘેર બેઠા માર્ગદર્શન મળી રહે તે માટે આવી કોન્ફરન્સનું આગામી દિવસોમાં સતત આયોજન કરવામાં આવશે અને ખેડૂતોએ અચૂક લાભ લેવો તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો સંપર્ક કરી માહિતી મેળવવી.



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા પાંચ સીલાઈ મશીનનું વિતરણ દેવઉઠી અગિયારસના શુભ દિવસે ગજાનન સેવા સમિતિ દ્વારા આત્મનિર્ભરતા માટે મોટું કાર્ય કરાયું હતું. ભીલોડા તાલુકાનાં અણસોલ ગામમાં ત્રણ વિધવા બહેનોને મોટર સાથેનાં સારામાં સારા સીલાઈ મશીન આપવામાં આવ્યા હતા. ગોઠ અને હિંમતપુરમાં એક, એક મશીન આપ્યા. બધી બહેનો વનવાસી વિસ્તારની અને સીલાઈના કામથી વાકેફ છે. ગાંધીગનરથી પીકઅપ વાનમાં પાંચ મશીન ભરી, ઘરે ઘરે જઈ વિતરણ કર્યું. આ સાથે કાતર, દોરા તથા કોસ કાપડા પણ આપવામાં આવ્યું. મિલિન્દભાઈ, મોન્ટુ, જયદિપ તથા ભીમજીઆઈ સાથે હતા.



રાધે-રાધે પરીવાર ગ્રુપ ના નિતેષ પ્રજાપતિ અને વિકાસ રાજગોર એ બન્નેએ પોતાના જન્મ દિવસની ઉજવણી અત્યારે આ કોરોના ની મહામારીને ધ્યાન મા રાખી ભગવાન ની આરતી કરી ભગવાનને સુખડીનો થાળ ધરાવી તે સુખડીનું કટીંગ કરી પોતાના જન્મ દિવસની અદભૂત ઉજવણી કરી હતી. રાધે રાધે પરિવારના મિત્રોનો હંમેશા લોકોની મદદ કરી જન્મ દિવસ ઉજવવાનો પ્રયાસ હોય છે.

# ગાંધીનગર સાહિત્યસભા દીપોત્સવી અંક 'શબદ'ના વિમોચન સમારોહનું આયોજન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સાહિત્યસભા છેલ્લાં ૨૪ વર્ષથી ગુજરાતી સાહિત્ય માટે કાર્યરત છે. કોરોના વૈશ્વિક મહામારીના કારણે અચાનક મળેલા બોનસ સમયમાં ગાંધીનગર સાહિત્યસભાના ઘણા સભ્યોની સર્જન શક્તિ ખીલી ઊઠી હતી. એને પુસ્તકરૂપે સંપાદિત કરી અને દીવાળી સુધી દીપોત્સવી અંકના રૂપમાં સાકાર કરવાનો સંકલ્પ ગાંધીનગર સાહિત્યસભાએ કર્યો હતો.

ગાંધીનગર સાહિત્યસભાના દીપોત્સવી અંક 'શબદ' નો વિમોચન સમારોહ રવિવાર દિનાંક ૨૨ નવેમ્બરે સવારે સાડા નવ વાગ્યે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ હાઈસ્કૂલ હોલ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો પરંતુ અમદાવાદમાં કોરોનાને કારણે કર્ફ્યુ જાહેર થતાં અને સામાજિક માહોલ યોગ્ય ન લાગતાં સાહિત્યસભાએ પુખ્ત વિચારણાને અંતે જાહેર કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો હતો. ગાંધીનગર સાહિત્યસભાના આ સ્તુત્ય નિર્ણયને સૌએ આવકાર્યો હતો.




ગાંધીનગર સાહિત્યસભા દ્વારા એ જ કાર્યક્રમ એ જ તારીખ અને સમયે અત્યંત સાદગી પૂર્વક ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતના ઘરે આયોજિત કરવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન તરીકે કવિ હરિકૃષ્ણ પાઠક અને સાહિત્યકાર દોલત ભટ્ટની સાથે સંજય થોરાત, રમેશ ઠક્કર, કલ્પેશ પટેલ અને કવિ કિશોર જિકાદરાએ મળીને ગાંધીનગર સાહિત્યસભા દીપોત્સવી અંક 'શબદ' નું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે સંપાદક કિશોર જિકાદરા, સહ સંપાદક રમેશ ઠક્કર, કલ્પેશ પટેલ, રમણભાઈ વાઘેલા અને પ્રતાપસિંહ ડાભીએ દીપોત્સવી અંકની સર્જન યાત્રા વર્ણવી હતી. કારોબારી સભ્ય અશ્વિન ત્રિવેદી, મહેન્દ્ર રાઠોડ, ઉમંગ વસાણી, અજય રાવલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ દીપોત્સવી અંકમાં ગાંધીનગર સાહિત્યસભાના સભ્યોની રચનાઓની સાથે ગુજરાતના ખ્યાતનામ સર્જકોની રચનાઓ પણ સામેલ છે. આ દીપોત્સવી અંકનું સંપાદન કવિ કિશોર જિકાદરા અને સહ સંપાદક કલ્પેશ પટેલ, રમેશ ઠક્કર, રમણભાઈ વાઘેલા અને પ્રતાપસિંહ ડાભી દ્વારા કરવામાં આવ્યું છે. ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત સહિત સર્વ કારોબારી સભ્યોએ આ દીપોત્સવી અંક માટે અથાગ મહેનત કરી છે.

આ અંકમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ગાંધીનગરના મેયર શ્રીમતી રીટાબહેન પટેલ અને ગાંધીનગરના ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર દ્વારા શુભેચ્છા સંદેશ પ્રાપ્ત થયાં હતાં.

# શ્રીજી સ્વયંમૂર્તિ શ્રી અબજી બાપાશ્રીની ૧૭૬મી જયંતી પરમોલ્લાસભેર ઉજવાઈ


## જીવનપ્રાણ સ્વામીબાપાની ૯૧મી દીક્ષા જયંતી, શ્રી સ્વામિનારાયણ ભગવાનની ૨૧૮મી દિક્ષાજયંતી, ૨૧૯મો પટ્ટાભિષેક દિન, ધર્મદેવની ૨૮૧મી પ્રાગટ્ય જયંતી

ગાંધીનગર, તા. ૨૮

શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર ખાતે પ્રબોધિની એકાદશી જીવનપ્રાણ શ્રી અબજીબાપાની ૧૭૬મી પ્રાગટ્ય જયંતીની ભારે ઉલ્લાસભેર ઊજવાઈ, તથા જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપાની ૯૧મી દીક્ષા જયંતી, શ્રી સ્વામિનારાયણ ભગવાનની ૨૧૮મી દિક્ષા જયંતી, ૨૧૯મો પટ્ટાભિષેક દિન, ધર્મદેવની ૨૮૧મી પ્રાગટ્ય જયંતી પણ ઉજવાઈ હતી.આ મંગળકારી અવસર ઉપર ધૂનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.



આ ઐતિહાસિક મહાન પર્વના પાવનકારી શુભ દિને શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરના બ્રહ્મમહોલમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન, જીવનપ્રાણ શ્રી અબજી બાપાશ્રી પ્રાગટ્યનું મહિમાગાન પૂજનીય સંતીએ સંગીતના મંગલ સૂરો રેલાવી કર્યું હતું. ત્યારબાદ શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજ તથા પૂજનીય સંતોએ પૂજન અર્ચન કરી નીરાજન – આરતી ઉતારી અને હરિભક્તોએ પણ ઓનલાઈન આરતી ઉતારવાનો અણમોલો લહાવો લીધો હતો. આ અવસરે જીવનપ્રાણ સ્વામીબાપાના દિવ્ય આશીર્વાદ વગેરેનો દિવ્યાનંદ માણ્યો હતો.




એસ.એસ.વી કેમ્પસ, સેકટર-૩, સ્કુલના શિક્ષકોએ બાળકોને ઓનલાઈન રાષ્ટ્રીય સંવિધાન દિવસની માહિતી આપી. સ્કુલના બાળકોએ રાષ્ટ્રીય સંવિધાન દિવસની ઉજવણી ચિત્રો બનાવીને કરી.

# જન્મદિને વધામણી



દિલીપસિંહ અજીતસિંહ બિહોલા
એડવોકેટ
મો. ૯૪૨૬૩ ૭૯૨૫૨



દિલીપ પ્રજાપતિ
પત્રકાર, ઈ ટીવી
મો. ૯૭૨૫૬ ૪૭૧૯૭



કોકિલાબેન ડી શાહ
સભ્ય, ગોપી મંડળ
મો. ૯૪૦૯૫ ૪૮૭૮૭



અરવિંદ જયંતિલાલ શ્રીમાળી
મો. ૯૮૨૪૧ ૬૬૪૮૨



ધ્રૂવ પટેલ
મો. ૮૩૪૭૫ ૯૯૩૯૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



માસ્ક પહેરો... કોરોનાથી બચો...